
## ડિસેમ્બર -દિન વિશેષ

## પહેલી ડીસેમ્બર– વિશ્વ એઈડ્ઝ દિન




આજે વિશ્વ અનેક જટિલ સમસ્યાઓના સામનો કરી રહ્યું છે. આ સમસ્યાઓમાં જેવી કે પર્યાવરણ અસમતુલા, વસ્તીવધારો, આંતકવાદ, ભ્રષ્ટાચાર, તથા અનેક ગંભીર રોગોનો ઉદભવ છે. આ સમસ્યા પૈકી એઈડ્ઝ એ વર્તમાન સમયની મોટામાં મોટી ગંભીર સમસ્યા છે. માનવજાત માટે આ સદીનો સૌથી મોટો પડકાર છે. આ રોગ માનવીની રોગપ્રતિકાર શક્તિની ક્રમશ નાશ થવાથી અને તકવાદી રોગોના જીવાણું કે બેક્ટેરિયા શરીરમાં અનેક રોગો ઉત્પન્ન કરીને એઈડ્ઝ ઉત્પન્ન કરે છે. આ એઈડ્ઝનું આખું નામ એક્વાઈડ ઇમ્યુનો ડેફીસીયન્સી સિન્ડ્રોમ છે. એઈડ્ઝ એ એચ..આઈ.વી. વિષાણું (ચેપી)થી ફેલાઈ છે. જે માણસના શરીરમાં પ્રવેશ્યા બાદ માણસની રોગપ્રતિકાર શક્તિનો ધીરેધીરે નાશ પામે છે. અને એચ.આઈ.વી. શરીરના તમામ ભાગો પર અસર કરે છે. પરિણામે શરદી, તાવ, ચામડીના રોગો, મોં અને ગળામાં વારંવાર ચાંદી પડે છે. મગજને પણ નુકસાન પહોચાડે છે. આ એઈડ્ઝને સદંતર નાબૂદ કરવાનો કોઈ ઈલાજ હજી સુધી શોધાયો નથી. આ રોગની શરૂઆતમાં આફ્રિકામાં જોવા મળેલ ત્યારપછી તે સમગ્ર વિશ્વમાં ફેલાયો છે.એચ.આઈ.વી. એઈડ્ઝના પ્રતિરોધ બાબતે લોકોમાં જાગૃતિ લાવવા તથા આ કાર્યક્રમમાં લોકોને સક્રિય ભાગીદારી સિદ્ધ કરવા ઈ.સ.૧૯૮૮થી દર વર્ષે પહેલી ડીસેમ્બર ' વિશ્વ એઈડ્ઝ દિવસ ' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસે આ રોગ માટેની સાચી જાણકારી મળે એવા પ્રયત્નો સરકાર તથા સ્વેચ્છીક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કવામાં આવે છે. એઈડ્ઝ રોગ મુખ્યત્વે એચ.આઈ.વી. વિષાણું (ચેપી) વાળા વ્યક્તિ સાથે અસલામત જાતીય સંભોગ કરવાથી, વિષાણુંવાળી દૂષિત સોય દ્વારા, ચેપીયુક્ત લોહી તથા ચેપી વ્યક્તિનું લોહી ચકાસણી વગર ચઢાવવાથી આ રોગ થાય છે. એકવીસમી સદીમાં ભોગવાદ અને ભૌતિકવાદની ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે.ત્યારે અનૈતિક સંબધો આ મહારોગનો વ્યાપ વધારે છે. એઈડ્ઝથી બચવા જાગૃતિ અનિવાર્ય છે. અલ્પવિકસિત અને ગરીબ દેશોમાં આ રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે. છેલ્લા ઘણા વર્ષોમાં આનો ક્રમશ ઉતરોત્તર વધારો થતો જોવા મળ્યો છે. રેડરીબન ' સંસ્થા જે અમેરિકામાં આવેલી વૈશ્વિક સ્તરે એઈડ્ઝ જનજાગૃતિના પ્રતિક તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. ડીસેમ્બર ૨૦૦૫ના અહેવાલ મુજબ વિશ્વમાં કુલ ચાર કરોડ લોકો એચ,આઈ.વી.સાથે જીવી રહ્યા છે. અને ભારતમાં ૫૧ લાખથી વધુ લોકો એચ,આઈ.વી.નો ભોગ અબ્યા છે. ગુજરાતમાં સર્વપ્રથમ દર્દી ઈ.સ.૧૯૫૧માં નોંધાયો હતો.

## કાકાસાહેબ કાલેલકર




ગુજરાતી નિબંધકાર, પ્રવાસલેખક અને 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાતા દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ('કાકાસાહેબ કાલેલકર)'નો જન્મ તા. ૧/૧૨/૧૮૮૫ના રોજ મહારાષ્ટ્રના સતારામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણમરાઠીમાં પૂના, શાહપુર, બેલગામ,

gnanbhandar.com

જત, સાધનપુર અને ધારવાડ વગેરે સ્થળેથી લઈને ઈ.સ.૧૯૦૩ માં મેટ્રિક થયા.ઈ.સ.૧૯૦૭માં પૂનાની ફર્ગ્યુસન કોલેજમાંથી ફિલોસોફી વિષય સાથે બી.એ થયા. ઈ.સ.૧૯૦૮ માં એલએલ.બી.નીપ્રથમ વર્ષની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૦૮માં બેલગામમાં ગણેશ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૧૦ માં વડોદરાના ગંગનાથ વિદ્યાલયમાં પરંતુ ઈ.સ.૧૯૧૨માં વિદ્યાલય બંધ થતાંહિમાલયના પગપાળા પ્રવાસે ગયા. ઈ.સ.૧૯૨૦થી ગુજરાત વિદ્યાપીઠમાંપ્રાચીન ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદો અને બંગાળીના અધ્યાપક દરમ્યાન ગુજરાતીજોડણીકોશનું કામ એમણે સંભાળેલું. ઈ.સ.૧૯૨૮માં વિદ્યાપીઠના કુલનાયકપદેજોડાયા. ઈ.સ.૧૯૩૪ માંવિદ્યાપીઠમાંથી નિવૃત્તિ થયા. ઈ.સ.૧૯૩૫માં 'રાષ્ટ્રભાષા સમિતિ'ના સભ્યપદે રહી હિન્દી ભાષાનારાષ્ટ્રીય કક્ષાએ પ્રચારનું કાર્ય કર્યું. ઈ.સ.૧૯૪૮ થી ગાંધી સ્મારક નિધિના કાર્યમાં જીવનના છેલ્લાદિવસો સુધી વ્યસ્ત રહ્યા. ઈ.સ. ૧૯૫૨ માં રાજ્યસભામાં સંસદસભ્ય તરીકે ને ૧૯૫૩ માં 'બેકવર્ડ કલાસ કમિશન' ના પ્રમુખતરીકે તેઓ નિયુક્ત થયેલા. ઈ.સ. ૧૯૫૯ના 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના વીસમા અધિવેશનનાપ્રમુખ બન્યા. ઈ.સ.૧૯૬૪માં 'પદ્મવિભૂષણ'નો ઈલ્કાબ અને ૧૯૬૫ નું સાહિત્ય અકાદમી, દિલ્હીનુંપારિતોષિક એનાયત થયું.

'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વઆફ્રિકામાં', 'શર્કરાદ્વિપ અને મોરેશિયસ', 'રખડવાનો આનંદ', 'ઊગમણો દેશ' એ એમના પ્રવાસગ્રંથોછે. ઈ.સ.૧૯૩૭ થી ગાંધીવિચારધારાના પ્રચારાર્થે 'સર્વોદય' શરૂ કરેલું. ૧૯૪૮ માં એમણે 'મંગલપ્રભાત' શરૂ કરેલું, જે ૧૯૭૫ સુધીચાલેલું. ગુજરાતી ઉપરાંત હિંદી અને મરાઠી ભાષામાં પણ એમણે પત્રકારત્વની કામગીરી કરીછે. એક નીડર અને મૂલ્યનિષ્ઠ પત્રકાર રહીને એમણે પ્રકાશિત કરેલી સામગ્રીને કારણેએમને અનેક વખત કારાવાસની સજા થયેલી. ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબનુંસ્થાન સીમાસ્તંભ કોટિનું છે. જીવનવાદી કલામીમાંસક-વિચારક કાકાસાહેબનું ગદ્ય ગુજરાતીગદ્યના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. કાકાસાહેબ કાલેલકરનું ૨૧ ઓગસ્ટ ૧૯૮૧ના રોજ અવસાન થયું.

## મહીપતરામ રૂપરામનીલકંઠ



મહીપતરામ મહિપતરામ રૂપરામ નીલકંઠનો જન્મ તા. ૩/૧૨/૧૮૨૯ના રોજ થયો હતો. સુરતની ગામઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી ત્યાંની સરકારીઅંગ્રેજી શાળામાં અભ્યાસ કર્યો અને ત્યાં જ ૧૮૫૧માં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા. એપછી ઈ.સ.૧૮૫૨માં એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુટ, મુંબઈના હાઈસ્કૂલ વિભાગમાં દાખલ થયા અનેઈ.સ.૧૮૫૪માં ત્યાં શિક્ષક નિમાયા. ઈ.સ.૧૮૫૭માં અમદાવાદની માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક ત્યારપછી નિરીક્ષક તરીકે નોકરી કરી. ઈ.સ.૧૮૫૯માં 'હોપ વાચનમાળા' સમિતિના સભ્ય તરીકે પસંદગી પામેલા એમનેટ્રેનિંગ કૉલેજોના અનુભવ લેવા સરકારે ઈ.સ.૧૮૬૦માં ઈંગ્લેન્ડ મોકલ્યા. પરત આવીને ઈ.સ.૧૮૬૧થીનિવૃત્તિપર્યંત અમદાવાદની પ્રે.ર. ટ્રેનિંગ

gnanbhandar.com

કૉલેજના આચાર્ય રહ્યા. ઈ.સ.૧૮૫૦માં 'પરહેજગાર' નામના પત્રનું સંપાદનની કામગીરી કરી. એમણે ઈ.સ.૧૮૬૨થી કેટલાંક વર્ષો સુધી 'ગુજરાત શાળાપત્ર'ના સંપાદક તરીકે રહી મહત્વની કામગીરી બજાવેલી. ઈ.સ.૧૮૮૫માં એમનેસી.આઈ.ઈ.નો સરકારી ઈલકાબ મળેલો. 'પ્રાર્થનાસમાજ' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' જેવી અનેક સંસ્થાઓમાં મંત્રી ને પ્રમુખ તરીકે તેમ જ સક્રિય કાર્યકર તરીકે તથાઅમદાવાદ મ્યુનિસિપાલિટીના કમિશનર અને ચૅરમૅન તરીકે પણ એમણે સેવાઓ આપેલી. ગુજરાતી સાહિત્યની પ્રારંભકાળની, પ્રાથમિક સ્વરૂપની, પણ ઐતિહાસિક દ્રષ્ટિએમહત્વની એમની ત્રણ નવલકથાઓમાંથી 'સાસુવહુની લડાઈ'માં હિંદુ કુટુંબજીવનનાંપાત્રો, એમના સ્વભાવ અને પ્રસંગોનું હાસ્યની છાંટવાળું નિરૂપણ છે. તત્કાલીનલગ્નગીતોનો અને દંતકથાઓનો વિનિયોગ સાધતી એમની ઐતિહાસિક નવલકથાઓ 'સધરા જેસંગ' અને 'વનરાજ ચાવડો' કેવળ પ્રસંગ-વર્ણનો આપતી કથાઓ જેવી છે.. 'ગુજરાતી ભાષાનું નવું વ્યાકરણ' અને 'વ્યુત્પત્તિપ્રકાશ' એમના શાળોપયોગી ગ્રંથો છે. આ ઉપરાંત શિક્ષણ, ભૂગોળ, ખગોળ, ભૂસ્તરવિદ્યા, વિજ્ઞાન, વૈદક આદિ વિષયો ઉપરનાં એમનાં પુસ્તકો પૈકી મોટા ભાગનાભાષાંતરિત ને વિદ્યાર્થી-ઉપયોગી છે. ત્રીજી સપ્ટેમ્બર ૧૮૯૧ના રોજ અમદાવાદમાંઅવસાન થયું.

## ૪ ડિસેમ્બર સેના દિવસ




કોઈપણ દેશ માટે એની આંતરિક તથા બાહ્ય સુરક્ષા માટે સંરક્ષણ દળોની આવશ્યકતા રહે છે. આપણા ભારત દેશ જેવા વિશાલ દેશ આતે પણ સશસ્ત્રદળો અત્યંત જરૂરી છે. ૪ ડિસેમ્બરનો દિવસ સેના દિવસ મનાવવામાં આવે છે. દેશના નાગરિક તરીકે આપણી નૈતિક ફરજ બને કે આપણા સૈન્યના જવાનોને આ દિવસે યાદ કરીને તેમની દેશસેવાની કામગીરીને બિરદાવવી જોઈએ. જેઓ પોતાના પ્રાણની પણ પરવા કર્યા સિવાય દેશનું રક્ષણ કરે છે. એવા જાંબાઝ ભારતીય જવાનીને કોટી કોટી વંદન..

ભારતમાં સશસ્ત્ર દળોના સર્વોચ્ચ સેનાપતિની સત્તા ભારતના રાષ્ટ્રપતિ ધરાવે છે. પરંતુ દેશના સંરક્ષણની જવાબદારી પ્રધાનમંડળની છે. સંરક્ષણ મંત્રાલયન વડા તરીકે કેબિનેટ દરજ્જાના સંરક્ષણ મંત્રી હોય છે. ભારતની સુરક્ષા બાબતમાં તથા ભૂમિદળ,નૌકાદળ અને હવાઈદળ એમ ત્રણેય સશસ્ત્ર દળોની જરૂરીયાત પૂરી પાડવા તથા વહીવટી કરવા માટે સંરક્ષણ મંત્રાલયની સીધી જવાબદારી છે. આજે ભારત પાસે વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું ભૂમિદળ , પાંચમા નંબરનું હવાઈ દળ અને સાતમા નંબરનું મોટામાં મોટું નૌકાદળ છે. પ્રત્યેક માટે તેના વડા તરીકે ' ચીફ ઓફ સ્ટાફ' હોય છે. જેમ કે ચીફ આર્મી સ્ટાફ, ચીફ ઓફ નેશનલ સ્ટાફ અને ચીફ ઓફ એર સ્ટાફ . આ બધાની પદવી જનરલની એકસરખી હોય છે.આ ત્રણેય દળના વડું મથક નવી દિલ્હીમાં આવેલ છે. રાષ્ટ્રના દરિયાઈ હિતોના રક્ષણની જવાબદારી ભારતીય નૌકાદળને સોંપવામાં આવી છે જ્યારે હવાઈદળ સંરક્ષણની સમતુલા હવાઈ માર્ગોના પ્રતિબંધ, સર્વેક્ષણ તથા હૂમલા વખતે હવાઈ ટેકો પૂરો પડવાની જાળવણી

gnanbhandar.com

કરે છે. કુદરતી આફતોમાં બછા અને રાહત કાર્યોમાં મદદરૂપથાય છે.

## રઘુવીર ચૌધરી



ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સારસ્વત રઘુવીર ચૌધરીનો જન્મ તા. ૫/૧૨/૧૯૩૮ના રોજ ઉત્તર ગુજરાતના બાપુપુરા ગામમાં થયો હતો. પિતાનું નામ દલસિંહ ' ભગત' અને માતાનું નામ જીવીબેન હતું. તે દરમિયાન ' જન્મભૂમિ' માં ' સોપાન'ના અગ્રલેખો વાંચીને પત્રકારત્વમાં પણ રસ જાગ્યો. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી અંગ્રેજી અને સંસૃત સાથે બી.એ. થયા. અને ઈ.સ. ૧૯૬૨માં એમ.એ. થયા. ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૭૭ સુધી વિવિધ કોલેજમાં અધ્યાપનની કામગીરી કરી. ગુજરાત યુનિવર્સિટીમાં હિન્દીના વ્યાખ્યાતા થયા. રઘુવીર ચૌધરીની શૈક્ષણિક કારકિર્દીની સાથે સાથે સાહિત્યિક ક્ષેત્રે પણ કારકિર્દીનું ઘડતર થયું. તેની શરૂઆત તો કવિતાથી થયેલી, પરંતુ તેમણે નવલકથા લેખનમાં રસ પડ્યો. પરિણામે તેમનો યશસ્વી કામગીરી તો નવલકથા ક્ષેત્રે રહી. તેમણે સંપાદન વિવેચન જેવો સાહિત્યના અન્ય પ્રકારો પણ ખેડ્યા છે. તેમની પ્રથમ નવલકથા' પૂર્વરાગ' લખી છે. ત્યારપછી ' પરસ્પર',' પ્રેમઅંશ', અને ' અમૃતા' નવલકથાઓ લખી છે. ' અમૃતા' તેમની શ્રેષ્ઠ નવલકથા છે. ' ઉપરવાસ', 'અંતરવાસ' એમની મહત્વકાંક્ષી કથાયાત્રી છે. ' તેડાગર'. 'રુદ્રમહાલય', ' શ્રાવણી રાતે', ' લાગણી' અને ' ઇચ્છાવર ' તેમની લઘુનવલો છે. જ્યારે ' તણસા' અને ' વહેતા વૃક્ષ પવનમાં' તેમના કાવ્યસંગ્રહો છે. રઘુવીર ચૌધરીને ઈ.સ. ૧૯૭૫માં રણજીતરામ સુવર્ણચંદ્રક, કુમાર ચંદ્રક,ઈ.સ.૧૯૭૭માં દિલ્લીની કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ,ઈ.સ.૧૯૯૦માં ઉત્તરપ્રદેશ રાજ્ય હિન્દી પ્રતિષ્ઠાન તરફથી ' સૌહાર્દ સન્માન', ઈ.સ. ૧૯૯૧માં ' આનર્ત પુરસ્કાર,ઈ.સ.૧૯૯૫માં દર્શક એવોર્ડ,ઈ.સ.૧૯૯૭માં ' સોમ્તીર્થ' નવલકથા માટે ગોવર્ધન ત્રિપાઠી પુરસ્કાર,ઈ.સ.૨૦૦૨માં ગુજરાત સાહિત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર જેવા અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ છે. ઈ.સ ૧૯૯૧માં યુનિવર્સિટી ઓફ લંડનની સ્કુલ ઓફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ દ્વારા વીઝીટીંગ ફેલો તરીકે તેમણે આમંત્રણ અપાયું હતું. રઘુવીર ચૌધરીએ ' રંગદ્વાર પ્રકાશન'ની શરૂઆતકરી.

## નાગરદાસ પટેલ




ગુજરાતી બાળસાહિત્યક્ષેત્રે બાળકો માટે બાળશ્રેણી પ્રગટ કરનાર નાગરદાસ પટેલનો જન્મ તા.૬/૧૨/૧૮૯૮ના રોજ કંડારી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ઈશ્વરભાઈ અને માતાનું નામ અંબાબેન હતું. તેમણે લેખક અને પ્રકાશનનો ધર્મ બજાવી 'કરવા જેવું કામ' કરવાનું સ્વપ્ન હતું. અને સરસ રીતે ફળીભૂત કર્યું. આમ તો મુંબઈની પ્રિન્સેસ સ્ટ્રીટમાં રાઉન્ડ બિલ્ડીગની બાજુમાં ભોયતળીયે તેઓ ' રજની પ્રિન્ટિંગ ચલાવતા હતા, પરંતુ થોડા જ વખતમાં સાથે ' બાલ વિનોદ કાર્યાલય' પણ ચલાવ્યું. બાળકોને અનુરૂપ એવા મોટા ટાઇપમાં તે સમીના ચિત્રકાર જગમોહન મિસ્ત્રી પાસે ચિત્રો કરાવી રંગીન કવરપેજ સાથે એક બોક્સના પેકીંગમાં

વાર્તાઓનો સેટ પ્રગટ કર્યો. આ સેટ બાળકોમાં ખૂબ જ પ્રિય થઇ પડ્યો હતો. બાળકો માટે તેમણે ૨૫ સુંદર સચિત્ર પુસ્તિકાઓના આઠ સેટ સસ્તી કિંમતે પ્રગટ કરેલા.


તેમણે નાનામોટા ત્રણસો જેટલા સચિત્ર અને સોહામણા પુસ્તકોનું લેખન,સંપાદક અને પ્રકાશન કરીને બાળકો, કિશોરો અને નવશિક્ષિતો માટે સ્વચ્છ સાહિત્યનું સર્જન કર્યું. ‘ શિશુ સદ્બોધ’ નામે કાવ્યસંગ્રહની એમને બાળસાહિત્યમાં પ્રવેશ કરેલો.અલંકાર સાહિત્યનો ‘ નાવલ્લારી’ ના સર્જન દ્વારા ઈ.સ.૧૯૨૩માં પોતાની સાહિત્યિક સજ્જતાની સાબિતી આપી. બિલ્હણના શૃંગાર કાવ્યો ‘ ચૌરપંચાશીકા’ નો સમશ્વ્લોકી અનુવાદ કરીને પોતાની કાવ્યશક્તિ અને રસજ્ઞતાની પ્રતીતિ કરવી હતી.

## પ્રમુખ સ્વામીમહારાજ





સ્વામી નારાયણ સંપ્રદાયની એક અત્યંત આદરણીય સંતવિભૂતિ પ્રમુખસ્વામીનો જન્મ ૭/૧૨/૧૯૨૧ના રોજ વડોદરા જીલ્લાના ચાણસદ ગામમાં થયો હતો. તેમનું મૂળ નું નામ શાંતિલાલ હતું. પિતાનું નામ મોતીભાઈ અને માતાની નામ દિવાળીબા હતું. એક દિવસ શાંતિલાલ ગામમાં ફરતાં હતા ત્યારે પાદરમાં આવેલા હનુમાનમઢીના મંદિરે બિરાજતા સાધુ હરિદાસે અંત:સ્કુરણાથી આ બાળકનું હીરને પારખી લીધું. ત્યારબાદ કિશોર શાંતિલાલનું મન બદરીકેદારની ગીરીકંદરાઓમાં અલખની આરાધના કરવા માટે પહોચી જતું. આખરે એક દિવસ એવો આવ્યો કે સત્તર વર્ષની વયે ગામને પાદર ક્રિકેટ સાધનોની ખરીદી માટે નીકળતા શાંતિલાલને ગુરુ શાસ્ત્રીજી મહારાજના ચારને ધરી દીધો. ઈ.સ.૧૯૩૯માં અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે કિશોરવયના શાંતિલાલને દીક્ષા આપી. ઈ.સ. ૧૯૪૦માં ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી અને તેમાંથી સૌને મળ્યા નારાયણસ્વરૂપદાસ સ્વામી. સહજાનંદ સ્વામીએ એમના અનુયાયીઓને ‘ સ્વામીનારાયણ’ની ધૂન કરતા શીખવ્યું અને પરથી સંપ્રદાયનું નામકરણ થયું. ત્યારબાદ રામાનંદનો ઉદ્ધાર સંપ્રદાય અત્યારે સ્વામીનારાયણ સંપ્રદાય તરીકે સૌરાષ્ટ્ર કચ્છ-ગુજરાતમાં ઓળખાવા લાગ્યા.પ્રજાના સુખ દુ:ખમાં સ્વામી સામેલ થયા. અભણ અને પછાત જાતિમાં અંધશ્રદ્ધા , કુરિવાજો તેમ જ અનેક પ્રકારનાં વ્યસનોમાં અટવાયેલી હતી.આ લોકોને પ્રેમથી સમજાવટથી વ્યસનો છોડાવવાનું કામ આ હરિભક્તોએ કર્યું. સમગ્ર જીવનના ઘડતરમાં રસ લીધો. દુકાળનિવારણ અને પુરસંકટ જેવી પ્રજાની આપતિઓમાં સક્રિય રહ્યા.સમાજમાં હળીમળીને એમનો ઉત્કર્ષ કર્યો. આ સત્કાર્યનું ધાર્યું પરિણામ આવ્યું અને સ્વામીનારાયણ સંપ્રદાય અનેક લોકો શ્રદ્ધાપૂર્વક જોડીને તેના અનુયાયી બન્યા છે. સમાજમાં સ્ત્રીઓ અને દલિતની દશા જોઈ હતી તેથી એમને ધર્મ દ્વારા નવજીવનનો સંદેશ આપ્યો છે. સ્વચ્છતા,સમાનતા,કેળવણી, સંગીત અને સાહિત્યનો ભક્તિમાં સમાવેશ કર્યો. સ્ત્રી પુરૂષની મર્યાદા આ સંપ્રદાયની ખાસિયત છે. પ્રમુખસ્વામી મહારાજે અક્ષર પુરૂષોત્તમ સ્વામી નારાયણ સંસ્થાનું એક વિશ્વ વ્યાપી સંસ્થામાં પરિવર્તન કર્યું. દેશમાં તેમણે સ્વામીનારાયણ સંપ્રદાયના સેંકડો મંદિરોનો સ્થાપના કરી છે.

## સી.રાજગોપાલાચારી રાજાજી



મહાન દેશભક્ત,ચિંતક તથા ભારતના પ્રથમ ગવર્નર સી.રાજગોપાલાચારી રાજાજી નો જન્મ ૮/૧૨/૧૮૭૯ના દિવસે તમિલનાડુના સલામ જીલ્લાના થારપલ્લીગામમાં થયો હતો. પિતાનું નામ ચક્રવર્તી આયંગર  જેઓ મોટા જમીનદાર હતા.  બચપણથી જ ભણવામાં તેજસ્વી બુદ્ધિ પ્રતિભા ધરાવતા માત્ર ૧૩ વર્ષની વયે  મેટ્રીકની પરીક્ષા પાસ પ્રથમ વર્ગમાં પાસ કરી. ત્યારબાદ અભ્યાસમાં પણ પ્રથમ વર્ગ જાળવી રાખી માત્ર ૧૭ વર્ષની વયે તેઓ ગ્રેજ્યુએશન કર્યું. ઈ.સ.૧૯૧૯માં ગાંધીજીની સાથે પ્રથમ મુલાકાત થઇ અને ગાંધીજીના અનુયાયી બન્યા.આઝાદી ચળવળમાં જોડવા બદલ ઈ.સ.૧૯૨૦માં જેલવાસ પણ થયો હતો. ઈ.સ. ૧૯૩૭ થી ૧૯૩૯માં મદ્રાસ પ્રાંતના મુખ્યપ્રધાન બન્યા હતા. ભારતમાં અંગ્રેજીના સ્થાને હિન્દીના પ્રચારક અને પ્રસારક તરીકે ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી હતી. સહકારી ક્ષેત્રે તેમને ૨૦૦થી વધારે સહકારી મંડળીઓની સ્થાપના કરી હતી. સી.રાજગોપાલાચારી આધુનિક ભારતના ચાણક્ય હતા. તેમને સ્વતંત્ર ભારતના પ્રથમ તથા છેલ્લા ભારતીય ગવર્નર જનરલ તરીકે રાષ્ટ્રની સેવા કરી હતી. તેમને સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો. મદ્રાસના મુખ્યમંત્રી તથા સ્વતંત્ર પાર્ટીના સંસ્થાપક હતા. રાજાજીના હુલામણા નામથી જાણીતા રાજગોપાલાચારીનું વિરલ પ્રતિભા હતી. તેમને ‘ ચક્રવર્તી’ ની ઉપાધી મેળવી હતી. સી.રાજગોપાલાચારી સારા લેખક પણ હતા. તેમને ‘ ગોલ્ડન થ્રેસ વર્લ્ડ ઓફ ટાઈમ’, રીલીજ્ય એન્ડ કલ્ચર’, ‘ નેશનલ વાયરસ ‘, અને ‘ રીકાનીસ લીયેશન’ જેવા મહાન પુસ્તકો લખ્યા હતા. ૨૧ જુન ૧૯૪૬માં સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતના ગવર્નર જનરલ તરીકે નિમણુંક થઇ. ત્યારબાદ ૧૯૫૯માં ભારતના ગૃહપ્રધાન બન્યા. જીવનની અંતિમ ક્ષણ સુધી કાર્યરત રહેનાર મહાન કર્મયોગી સી.રાજગોપાલાચારીનું ૨૫મી ડિસેમ્બર૧૯૭૨ન દિવસે અવસાન થયું. ઈ.સ.૧૯૫૪માં તેમને ‘ ભારત રત્ન’ એનાયત થયો હતો

## પંડિત સુખલાલજી



ગુજરાતી નિબંધકાર અને સંપાદક‘ પંડિત સુખલાલજી’નો જન્મ તા. ૮/૧૨/૧૮૮૦ના રોજ સુરેન્દ્રનગર નજીકના લીમલી ગામમાં થયો હતો.તેમનું આખું નામ સંઘવી સુખલાલ સંઘજી છે. પ્રાથમિક શિક્ષણવતનમાં લીધું. સોળમાં વર્ષે શીતળાથી આંખ ગુમાવી. ઈ.સ.૧૯૦૪ થી ૧૯૨૧ સુધી કાશી-મિથિલામાં ભારતીયદર્શનનો અભ્યાસ કર્યો. ઈ.સ.૧૯૨૧ થી ૧૯૩૦ સુધી ગૂજરાત વિદ્યાપીઠમાં અને ઈ.સ.૧૯૩૩ થી ૧૯૪૪ સુધીબનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અધ્યયન અને અધ્યાપનની કામગીરી કરી.ઈ.સ.૧૯૪૪માં બનારસ હિન્દુયુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા બાદ મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં અને પછી ભો. જે.વિદ્યાભવન, અમદાવાદમાં અધ્યાપનની કામગીરી કરી. ઈ.સ.૧૯૫૧માં અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદના પ્રાકૃતઅને જૈન

gnanbhandar.com

ધર્મવિભાગના તથા તત્વજ્ઞાન વિભાગના પ્રમુખ થયા. ઈ.સ. ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીતરફથી, ઈ.સ.૧૯૬૭માં સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી અને ૧૯૭૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીતરફથી ડી.લિટ.ની માનાર્હ પદવી એનાયત થઇ. ઈ.સ.૧૯૫૮માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર અને ઈ.સ.૧૯૭૪માંભારત સરકાર તરફથી પદ્મભૂષણનો ખિતાબ એનાયત થયેલ છે.

ગાંધીવાદી તત્વજ્ઞાની આ લેખકે ભારતીયદર્શનશાસ્ત્ર પર મૂળભૂત વિચારણા કરી છે, અને તત્વજ્ઞાનને શાસ્ત્રો અને ધર્મની જડસીમાઓમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. એમની તત્વવિચારણા પાછળ અનુકંપા અને તર્કનુંસહિયારું બળ પડેલું છે; અને તેથી જ ધર્મ અને સંસ્કૃતિનું હમેશાં માનવકલ્યાણનામાનદંડથી જ એમણે મૂલ્યાંકન કર્યું છે. ક્રિયાકાંડથી મુક્ત અને સમન્વયદર્શી ધર્મનુંસ્વરૂપ એમની વિચારણાનું મુખ્ય બળ છે. બીજી માર્ચ ૧૯૭૮ના રોજ થયું હતું.

## હોમાય વ્યારાલાલ



વીસમી સદીના મહાન તસવીરકાર હોમાય વ્યારાલાલનો જન્મ તા.૯/૧૨/૧૯૧૩ન રોજ નવસારીમાં થયો હતો. તેમના પતિનું નામ માણેકશા હતું. તેમણે મુંબઈની સેંટ ઝેવિયર્સ કોલેજ ખાતેથી બી.એ.પાસ થયા. મુંબઈની ખ્યાતનામ સર જે.જે સ્કુલ ઓફ આર્ટસમાંથી પેઈન્ટીંગનો ડીપ્લોમાં અને કલાનો ડીપ્લોમાં અભ્યાસ કર્યો. તે જમાનામાં ફોટોગ્રાફીને વ્યવસાય તરીકે પુરૂષો જ અપનાવતાં હતા,પરંતુ એકમહિલા તરીકે હોમાય વ્યારાલાલનો ફોટોગ્રાફીનો શોખ અને આવડત અને 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા'માં કાર્યરત એકાઉન્ટન્ટ તેમના પતિ માણેકશાના માર્ગદર્શક નીચે કેળવાયા હતા.તેમણે લીધેલી તસ્વીરો મેગેઝીનો અને છાપાંમાં પ્રગટ થવા લાગી જેને પરિણામે તેમને પ્રોત્સાહન મળવા લાગ્યું. તેમણે આઉટડોર ફોટોગ્રાફી કરીને નવજીવનને લગતી સુંદર તસ્વીરો બનાવી.તેને આધારે ' ધ ઈલસ્ટ્રેટેડ વીકલી ' જેવા સામયિકો તરફથી તેમણે ફોટોગ્રાફીનું કામ મળવા લાગ્યું.

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન શહેરની વિવિધ નાગરિક સંરક્ષણ કામગીરીની તસવીરો ઝડપવાનું કાર્ય તેમને સોંપવામાં આવ્યું. દિલ્લી ખાતે શરૂ થયેલો ફાર ઇનસર્ણ બ્યૂરો ઇન્ફર્મેશન સર્વિસીસ ખાતે માણેકશા સાથે તેમને પણ ફોટોગ્રાફર તરીકે લેવામાં આવ્યા. આ સમયગાળાને તેમના માટે મહત્વનો અને યશદાયી પુરવાર થયો. આ તસવીરકાર તરીકે સરકારી માન્યતાને કારણેતેમને રાજકારણની વરિષ્ઠ નેતાઓની ફોટોગ્રાફી કવાની તક મળી. અને તેમની સાથે સંબંધો પણ બંધાયા, સાંસ્કૃતિક અને રાજકારણમાં જીવનમાં તેમ જ સાંસ્કુતિક અને રાજકારણમાં , જીવનમાં તેમ જ સામાજિક ક્ષેત્રે ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે કે જેને તેમને કેમેરામાં ઝડપી લીધી ન હોય.

## પં.ઉદયશંકર



નૃત્યકલાને પોતાના જીવનનું એક માત્ર સાધના બનાવી ભારતીય નૃત્યકલાને સમગ્ર વિશ્વ વિખ્યાત મહાન ભારતીય પં.ઉદયશંકરનો જન્મ ૯/૧૨/૧૯૦૦ના દિવસે થયો હતો. તેઓ વિખ્યાત સિતારવાદન પંડિત રવિશંકર તેમના નાના ભાઈ છે. પિતાનું નામ ડૉ.

gnanbhandar.com

શ્યામશંકર અને માતાનું નામ હેમાંગીની દેવી હતું. આ કલા સ્વામી પોતાની કલા સાધના મારફતે વિશ્વ વ્યક્તિ તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.તેમણે મુંબઈ અને લંડનમાં ચિત્રકલાનો અભ્યાસ કર્યો,પરંતુ નૃત્ય કારકિર્દીનો આરંભ થયો. તેમની ' અંજટા', રાધા અને કૃષ્ણ', ' શિવ તાંડવ', રીધમ ઓફ લાઈફ' ,ધ ગ્રેટ રિનન્સિયેશન ' વગેરે નૃત્ય કળામાંપૂર્વ અને પશ્ચિમની શૈલીનો અદભૂત સમન્વય થયેલો જોવા મળે છે. ઈ.સ.૧૯૨૦માં તેઓ એક નૃત્યકાર તરીકે આવ્યા. મણીપુરી, કથકલી અને ભરતનાટ્યમ જેવા નૃત્યો રજુ કરીને તેમણે લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. ચપળતા,લય,સંગીત,પદબંધ,અભિનય, સુંદરતા,શિસ્ત અને ક્રમબદ્ધ રજૂઆત સૌના સુમેળથી પેક્ષકો સ્તબ્ધ બણી ગયા.

ભારતીય નૃત્યકલાને આધુનિક પરિવેશમાં તથા નવા રૂપરંગ શૈલીમાં રજૂઆત પામતી પં.ઉદયશંકરની નૃત્ય નાટિકા તે સમયે ભારે લોક ચાહ્ના મેળવી હતી. તેમણે ભારતીય લોક્નૃત્યોની પણ ઝમકદાર રજૂઆત કરી. ચિત્રકળામાં તેમણે મુંબઈની જે.જે. સ્કુલ ઓફ આર્ટ અને લંડનની રોયલ કોલેજ ઓફ આર્ટસમાંથી સર્વપ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર તેજસ્વી યુવક હતા. યુરોપના અનેક દેશોમાં પોતાની નૃત્યકલાને પોતાની નૃત્યકલાને રજૂ કરી ખૂબ જ લોકચાહના મેળવી હતી. તેમણે ' ભારતના નૃત્યસમ્રાટ' નું બિરૂદ પામ્યા હતા. કવિવર કલાગુરૂ રવીન્દ્રનાથ ઠાકુરની પ્રશંસા પામનાર આ મહાન કલાકાર પં.ઉદયશંકરનું અવસાન ઈ.સ.૧૯૭૭માં થયું હતું.

## 10 ડિસેમ્બર માનવ અધિકાર દિન





માનવ અધિકારો દરેક માણસ ને જન્મજાત કુદરતી રીતે આપોઆપ પ્રાપ્ત થાઈ છે. માનવ હક્કો એ કુદરત દ્વારા આપવામાં આવેલી અમૂલ્ય ભેટ છે. આ હક્કો કોઈ દેશની સરકાર કે બંધારણ દ્વારા આપવામાં આવતા નથી. માનવ હક્કો એ કુદરતી હક્કો છે. જે આપોઆપ પ્રાપ્ત થાય છે. માનવજીવનની સુરક્ષા જળવાય, માનવજીવનની ગરિમા જાળવવા તથા વિકાસની તકો પ્રાપ્ત થાય એ માટેના તમામ હક્કો એ માનવ હક્કો છે. માનવ હક્કોનો વ્યાપ ખૂબ મોટો છે. જ્યારે મૂળભૂત હક્કો બંધારણ દ્વારા આપેલ હોવાથી સીમિત હોય છે. એ માટે આધુનિક ટેકનોલોજી યુગમાં અનેક ક્ષેત્રે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનથી માનવ અધિકારો સામેના અનેક પડકારો ઉભા થયા છે., જેવા કે ગરીબી, આર્થિક અસમાનતાની સમસ્યા અને પ્રાદેશિક ભેદભાવ. વિશ્વસ્તરે રાજકીય અને ભૌગોલિક સીમા માનવ અધિકારોને પ્રભાવિત કરે છે. નવી ટેકનોલોજી , નવો ઉભરતો વ્યાપાર કે વિદેશી મૂડી તે દેશોની ગરીબી પ્રજાને હાંસિયામાં ધકેલી દે છે. અને માનવ અધિકારોનું ઉલ્લંઘન કરે છે. પરિણામે ધનિકો અને ગરીબો વચ્ચે તેમ જ ધનિક- ગરીબ દેશો વચ્ચે અસમાનતા વધે છે.

હ્યુમન ડે મેન શબ્દ માત્ર પુરૂષ નાગરિકોના અધિકારો વ્યકત કરે ચી. અને મહિલાઓ અધિકારોથી વંચિત રહી જાય છે. આથી અધૂરી અભિવ્યક્તિરૂપે મેન શબ્દને સ્થાને હ્યુમન શબ્દ પ્રયોજાવા લાગ્યો. અને માનવ અધિકાર શબ્દ દ્વારા પુરૂષો અને મહિલાઓના અધિકારોની વિભાના સ્પષ્ટ કરવામાં આવી

gnanbhandar.com

છે. ઈ.સ. ૧૯૪૬માં યુનાઈટેડ નેશનલ કમિશન ઓન હ્યુમન રાઇટ્સની  સ્થાપના કરી. માનવ અધિકાર દસ્તાવેજ તૈયાર કર્યો. ૧૦  ડિસેમ્બર ૧૯૪૮ના રોજ ' યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ ઘોષિત કરવામાં આવ્યું. અને યુનોના તમામ સભ્યોએ તેનો સ્વીકાર કર્યો. અને આ દિવસ 'માનવ અધિકાર દિવસ' તરીકે ઉજવવાનું નક્કી થયું.આ દસ્તાવેજના આમુખમાં તમામ પ્રજાઓ અને તમામ રાષ્ટ્રોની સિધ્ધિઓ માટેના સર્વમાન્ય ધોરણો અભિવ્યક્ત કરવાનો હેતુ છે. માનવ હક્કો માણસને સલામતી અને રક્ષણ ઉપરાંત સુખમય જીવન જીવવાની તક પૂરી પાડે છે. ભારતમાં માનવ હક્કોને આધારે મહિલાઓ, બાળકો, લઘુમતીઓ અને પછાત જાતિઓના હક્કોન રક્ષણ માટે જુદા જુદા રાષ્ટ્રીય પંચો , કોર્ટો,સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સમૂહ માધ્યમો કામ કરે છે.

## ઓશો રજનીશ



ચિંતક,નીડર અને ક્રાંતિકારી વક્તા ઓશો રજનીશનો જન્મ તા. ૧૧/૧૨/૧૯૩૧ના રોજ જબલપુર નજીક પોતાના મોસાળ કુચવાડામાં થયો હતો. પિતાનું નામ બાબુલાલ ખાટે અને માતાનું નામ સરસ્વતીદેવી હતું. તેમની વક્તૃત્વ અને તર્કશક્તિ અજોડ હતી. ઓશો રજનીશ બચપણથી જ બળવાખોર અને વિદ્રોહી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓ રાજકીય અને સામાજિક રીતે સ્વીકૃત બધી પરંપરાઓનું ખંડન કરતાં હતા. સાગર યુનિવર્સિટીમાંથી ઈ.અ ૧૯૫૭માં દર્શનશાસ્ત્ર વિષય સાથે પ્રથમ નંબરે એમ.એ. થયા હતા. રાયપુરમાં સંસ્કૃત કોલેજમાં એક વર્ષ અને જબલપુર યુનિવર્સિટીમાં આઠ વર્ષ દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નોકરી કરી. ૨૧ વર્ષની વયે પરમજ્ઞાન લાધ્યું અને તેઓ પ્રબુદ્ધ બની ગયા હતા. જબલપુરમાં ભંવરતાલ બગીચામાં મૌલક્ષી વૃક્ષ નીચે તા. ૨૧/૩/૧૯૫૩ના રોજ રાત્રે બે વાગે તેમને આત્મ સાક્ષાત્કાર થયો. તેમણે ઈ.સ.૧૯૭૪માં મુંબઈથી પૂના આવી એક આતરરાષ્ટ્રીય આશ્રમની સ્થાપના કરી.

તેમણે શરૂઆતમાં પુસ્તકો ' સાધના બીજ', ' ક્રાંતિ બીજ', ' સિંહનાદ', મીટ્ટી કે દિવે' હતા. પણ ત્યારપછી તેમના પુસ્તકો દળદાર, ગ્રંથોપ્રગટ કર્યા. વિશ્વની તમામ ભાષામાં આજે તેમના પુસ્તકો નો અનુવાદ થયેલો છે. ઓશો કહેતા કે ભૌતિકવાદની પરાકાષ્ઠા વિના માણસ આધ્યાત્મિક બની શકતો નથી. તેમના એક એક પ્રવચન સાંભળવાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હતો. ઓશોના વિદ્રોહી અવાજને બંધ કરવાના હેતુથી તા.૨૯/૧૦/૧૯૮૫ના દિવસે ગિરફ્તાર કરવામાં આવ્યા અને ભોજનમાં થેલીયસ નામનું ઝેર ભેળવીને આપવામાં આવ્યું. ઈ.સ.૧૯૮૬માં તેમણે વિવિધ દેશોનો પ્રવાસ કર્યો. આ વિશ્વ યાત્રા દરમ્યાન એમને ૪૬૦૦૦ માઈલનું આકાશી ઉડ્ડયન કર્યું, લગભગ ૨૬થી વધુ દેશોએ  પ્રવેશ આપવાનો ઇનકાર કર્યો. ૧૯મી જાન્યુઆરી ૧૯૯૦ન દિવસે થેલીયસ ઝેરની અસરથી ક્ષીણ થયેલ શરીરને તેમણે છોડી દીધો.

## ગૌરીશંકર ગોવર્ધનરામજોશી



ગુજરાતી નવલિકાના આદ્ય પ્રણેતા, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર, નાટ્યકારગૌરીશંકર ગોવર્ધનરામજોશી ('ધૂમકેતુ')નો જન્મ તા. ૧૨/૧૨/૧૮૯૨ના રોજ  સૌરાષ્ટ્રનાવીરપુરમાં થયો હતો. ઈ.સ.૧૯૨૦ માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે બી.એ.થઈને ગોંડલરાજ્યની રેલવે ઑફિસમાં અને પછી ગોંડલની



gnanbhandar.com

હાઈસ્કૂલમાં જોડાયા. ઈ.સ. ૧૯૨૩થી અમદાવાદમાં સ્થાયી થયા.શરૂઆતમાં અંબાલાલ સારાભાઈના બંગલાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે અને પછી સરચીનુભાઈ બેરોનેટના બંગલાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું. નાનપણમાંસાંભળેલી વાર્તાઓ, બાલ્યાવસ્થાનો વાચનશોખ, શ્રીમન્ નથુરામ શર્માના આશ્રમનુંપુસ્તકાલય, આસપાસની પ્રકૃતિ આદિ ધૂમકેતુના સાહિત્યસર્જનનાં મહત્વનાં પ્રેરક બળોરહ્યાં. ઈ.સ.૧૯૩૫ માં રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો, પણ પરત કરેલો. ઈ.સ.૧૯૫૩માં નર્મદસુવર્ણચંદ્રક એનાયત થયેલો. ઈ.સ.૧૯૪૪માં વડોદરામાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના પંદરમાં અધિવેશનમાંસાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે પસંદગી થઇ.ઈ.સ.૧૯૫૭-૫૮માં સાહિત્ય અકાદમી, દિલ્હીના ગુજરાતી ભાષાનાસલાહકાર બોર્ડમાં સભ્ય રહ્યા.

‘તણખા’ મંડળ ભાગ-૧ થી ૪, ‘અવશેષ’, ‘પ્રદીપ’, ‘મલ્લિકા અને બીજીવાર્તાઓ’, ‘ત્રિભેટો’, ‘આકાશદીપ’, ‘પરિશેષ’,‘અનામિકા’, ‘વનછાયા’, ‘પ્રતિબિંબ’,‘વનરેખા’, ‘જલદીપ’, ‘વનકુંજ’, ‘વનરેણુ’, ‘મંગલદીપ’, ‘ચન્દ્રરેખા’, ‘નિકુંજ’, ‘સાન્ધ્યરંગ’, ‘સાન્ધ્યતેજ’, ‘વસંતકુંજ’ અને ‘છેલ્લો ઝબકારો’ વાર્તાસંગ્રહો આપ્યા છે. આ ઉપરાંત એમની ‘પૃથ્વીશ’, ‘રાજમુગટ’, ‘રુદ્રશરણ’, ‘અજિતા’, ‘પરાજય’, ‘જીવનનાં ખંડેર’, ‘મંઝિલ નહીં કિનારા’ સામાજિક નવલકથાઓ છે. ‘ચૌલાદેવી’, ‘રાજસંન્યાસી’, ‘કર્ણાવતી’, ‘રાજકન્યા’, ‘વાચિનીદેવી’, ‘જયસિંહસિદ્ધરાજ’, ‘જયસિંહસિદ્ધરાજ’ (અવંતીનાથ), ‘ગુર્જરેશ્વર કુમારપાળ’, ‘રાજર્ષિ કુમારપાળ’, ‘નાયિકાદેવી’, ‘રાય કરણ ઘેલો’, ‘અજિત ભીમદેવ’, ‘આમ્રપાલી’, ‘વૈશાલી’, ‘મગધપતિ’, ‘મહાઅમાત્ય ચાણક્ય’, ‘ચન્દ્રગુપ્ત મોર્ય’, ‘સમ્રાટ ચન્દ્રગુપ્ત’, ‘પ્રિયદર્શી અશોક’, ‘પ્રિયદર્શી સમ્રાટ અશોક’, ‘મગધસેનાપતિ પુષ્પમિત્ર’, ‘કુમારદેવી’, ‘ગુર્જરપતિ મૂળરાજદેવ’ : ૧-૨, ‘પરાધીન ગુજરાત’, ‘ભારતસમ્રાટ ચન્દ્રગુપ્ત’ : ૧,૨, ‘ધ્રુવદેવી’ વગેરે એમનીઐતિહાસિક નવલકથાઓમાં ગુપ્તયુગ અને ચૌલુકયુગનું નિરૂપણ છે. ‘જીવનવિચારણા’ સમાજવિષયક નિબંધો છે, તો ‘સાહિત્યવિચારણા’ માં ટૂંકીવાર્તાની સ્વરૂપવિચારણા છે.‘રજકણ’, ‘જલબિંદુ’, ‘મેઘબિંદુ’, ‘પદ્મરેણુ’ જેવી કૃતિઓમાં ચિંતનકણિકાઓનું દર્શન થાય છે.‘કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય’ એમનોચરિત્રગ્રંથ છે, તો ‘જીવનપંથ’ અને ‘જીવનરંગ’ એમની આત્મકથા છે.ગુજરાતી સાહિત્ય ના ઉત્તમ વાર્તાકાર ધૂમકેતુનું ૧૧મી માર્ચ ૧૯૬૫ના રોજ અમદાવાદમાં અવસાન થયું.

## પંડિત ચંદ્રશેખર હરિચંદન મહાપત્ર

ભારતના મહાન ખગોળશાસ્ત્રી મહામહોપાધ્યાય પંડિત ચંદ્રશેખર હરિચંદન મહાપત્રનો જન્મ તા. ૧૩/૧૨/૧૮૩૫ના રોજ કટકથી૫૦ થી ૬૦ માઈલ દૂર આવેલા ખંડપારા નામના ગામમાં થયો હતો. તેમના પિતા બહુશ્રુત હતા. અને ખાસ કરીને સંસ્કૃતમાં વિદ્વાન હતા. પરિણામે બાળપણથી જ સંસ્કૃત વ્યાકરણ , અલંકારશાસ્ત્ર , સ્મૃતિ પુરાણ , ન્યાય, આર્યુવેદ અને પ્રમુખ કાવ્યોનું શિક્ષણ આપવામાં આવ્યુ હતું. તેઓ ૧૯મી સદીનો ટેલીસ્કોપ વિહોણો ભારતના છેલ્લા સમર્થ ખગોળશાસ્ત્રી હતા. તેમને ‘ સિધ્ધાંત દર્પણ’ નામના ગ્રંથ પ્રગટ કર્યો હતો. આ ગ્રંથ પૂર્વાંધ અને ઉતરાર્ધ એમ બે ભાગમાં વહેચાયેલ છે. ‘ પ્રકાશ’ શીર્ષક હેઠળના ૨૪ પ્રકરણોમાં સિધ્ધાંત ગણના દ્વારા પંચાગ રચનાની પૂર્ણ વિધિ બતાવવામાં આવી છે.સંખ્યાઓના ઘનમૂળ શોધવાની પદ્ધતિથી અલગ એક નવી પધ્ધતિ પણ તેમને આપી છે. ઈ.સ. ૧૮૯૩માં ખગોળશાસ્ત્રમાં તેમના પ્રદાનની કદરરૂપે તત્કાલીન બ્રિટીશ સરકારે ‘મહામહોપાધ્યાય’ નો ખિતાબ એનાયત થયો હતો. ‘

ભારતનો ટાયકો ' બીરૂન પામેલા ચંદ્રશેખર સામંત પ્રાચીન ભારતની ભવ્ય પરંપરાનાં, ટેલીસ્કોપ વગર, માત્ર આંખો વડે જ પૂર્ણ પરિશ્રમને ચીવટથી નિરીક્ષણો કરનારા વર્ગના કદાચ છેલ્લા જ ખગોળશાસ્ત્રી હતા. ભુવનેશ્વરમાં બનાવવામાં આવેલા એક આધુનિક તારાઘર ( પ્લેનેતીરીયમ)નું નામ તેમના માનમાં પઠાણી સામંત પ્લેતેરીયમ આપવામાં આવ્યું છે. જે ખરેખર તો એમને અપાયેલી શ્રેષ્ઠ અંજલિ છે. તેઓ ૧૧મી જુન ૧૯૦૪ન દિવસે અવસાન પામ્યા.

## ૧૪ ડિસેમ્બર રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિન




પૃથ્વી ઉપરના તમામ સજીવો અને માનવીની આર્થિક પ્રગતિ માટે ઊર્જા અને પાણી અત્યંત આવશ્યક ચીજો છે. બંને ગાઢ રીતે પરસ્પર સંકળાયેલી ચીજો છે. એક સિક્કાની બે બાજુઓ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના બળે વિશ્વએ ખૂબ પ્રગતિ કરી છે. અનેક ક્ષેત્રોમાં આજે સર્વોત્તમ શિખરે છે. આજનો માણસ ચાલતો નથી, દોડતો નથી,પણ ઉડે છે. માણસની જરૂરીયાતો વધી,એને પૂર્ણ કરનારા સાધનો પણ વધ્યા છે. યંત્રના ભરડામાં આજે વિશ્વ છે. સુખ સમૃધ્ધિનાં સાધનો વધ્યાં સાથે સાથે આ બધ માટે ઉર્જા પણ જોઈએ. વિશ્વ આજે ઉર્જાની તંગીને કારણે ઉર્જાબચતનું મહત્વ સમજવા માંડ્યું છે. વિદ્યુત ઉર્જાનો ઉપયોગ રેફ્રીજરેટર,એરકન્ડીશનર , રાંધણનાં સાધનો, ટી.વી.,રેડિયો વગેરે દ્વારા થાય છે. જાહેર માર્ગ પર પેટ્રોલ,ડીઝલ અને વીજળી મોટાપાયે વપરાશ છે. આપણી ઉર્જા જરૂરિયાતનો ૮૦ ટકા તેટલો ભાગ અશ્મીય બળતણ દ્વારા પ્રાપ્ત થાય છે. આ સાધનોનો ઉપયોગ આપણે વિવેકપૂર્ણ કરીએ તો ઉર્જાની બચત થઇ શકે છે. પુનઃ અપ્રાપ્ય સ્રોતનો ઉપયોગ કરવો જરૂરી છે. પેટ્રોલ,ડીઝલ, ખનીજતેલ અને વીજળી સાચવીને વાપરવા,નવા સ્રોતોનો જેવા કે સૌરઉર્જા, જળ ઉર્જા, વાયુ ઉર્જા , દરિયાના મોજામાંથી મળતી ઉર્જા,ભૂષ્માં ઉર્જા અને બાયોગેસ ઉપયોગ કરવો જોઈએ. સુર્ય અને બાયોગેસ આધરિત ઉર્જા ઉત્પન્ન કરવાની ટેકનોલોજીથી આપણે એવી ઉર્જા ઉત્પન્ન કરી શકીએ કે જેમાં કાર્યક્ષમતા વધે છે. અને વારંવાર વાપરી શકાય એવી તથા પ્રદૂષણ મુક્ત ઊર્જા મળે છે.દા.ત. ભારતે પવન ઉર્જા ઉત્પન્ન કરવામાં પવનચક્કીનો ઉપયોગ કર્યો છે.બળતણ અને ચીજઉત્પાદન માટે બાયોગેસ ટેકનોલોજીનો ઉપયોગ વધવા માંડ્યો છે. વીજળીનો કરકસરયુક્ત અને જરૂર પડતો ઉપયોગ કરીએ. ઘર કે ઓફિસમાં જેટલા વીજવપરાશની અને જ્યારે જરૂર હોય ત્યારે જ ઉપયોગ કરવો જોઈએ. બળતણ તરીકે લાકડાનો ઉપયોગ ન કરતાં ગોબરગેસનો ઉપયોગ કરવો જોઈએ સૂર્યકૂકર, પવનચક્કી અને ગોબરગેસનો ઉપયોગ કરવો જોઈએ. ઉર્જાના પ્રશ્ને હવે જાગવાનો સમય આવી ગયો છે.હાલની મુશ્કેલીઓનો સર્વશ્રેષ્ઠ માર્ગ એ છે કે વૈકલ્પિક ઉર્જાસ્રોત શોધી કાઢીને તે મુજબનો ઉપયોગ કરવાનો.ઉર્જાની પૂરતી કાળજી અનિવાર્ય બની છે.

## નગેન્દ્ર વિજય



' ધનની અપેક્ષા રાખ્યા વિના લખવું , ધન આવવાનું હોય તો આવે, ન આવે તો કંઈ નહિ પણ એનાથી લખવામાં કંઈ ફરક પડે નહિ' આવી ફિલસૂફી ધરાવનાર અને બુદ્ધિશાળી બાળકોનું સામયિક ' સફારી'ના સંપાદક નગેન્દ્ર વિજયનો જન્મ તા. ૧૫/૧૨/૧૯૪૩ના રોજ રાજકોટમાં થયો હતો. તેમના પિતા વિજયગુપ્ત મોર્ય (વિજયશંકર વાસુ ) હોનહાર પત્રકાર હતા. નગેન્દ્ર વિજય માત્ર ૧૪ વર્ષની નાની વયે તેમણે 'રમકડું' અને બીજા સામયિકોમાં જ્ઞાનવિજ્ઞાનની કોલમ લખતા હતા.

gnanbhandar.com

પિતાનો પત્રકારત્વ વારસો તેમને આ સંસ્કારોનું સિંચન થયું. તેમને ઈ.સ. ૧૯૭૧માં' શ્રીરંગ' માસિકના સંપાદનની કામગીરી કરી તેને ખૂબ જ લોકપ્રિય બનાવ્યું. ત્યારપછી તેમણે  ૨૬મી જાન્યુઆરી ૧૯૭૫માં પોતાનું સાપ્તાહિક ' ફ્લેશ' શરૂ કર્યું. ઈ.સ. ૧૯૭૭માં વિજ્ઞાન સામયિક ' સ્કોપ' માસિક શરૂ કર્યું જેમાં મોબાઈલ સેવા , સેટેલાઇટ,ડીડીએલ , ડીઝીટલ ડિસ્ક,હ્યુમન જેનોમ મેપિંગ જેવા અનેક વિષયો પર લેખો આપ્યા હતા. આ સામયિક ખૂબ જ લોકચાહના મેળવી હતી. પરંતુ આર્થિક કારણોસર તેને બંધ કરવું પડ્યું હતું. આ ઉપરાંત તેમણે ' સંદેશ, ગુજરાત સમાચાર, જન્મભૂમિ,અને ગુજરાત મિત્ર જેવા દૈનિકપત્રમાં નિયમિત કોલમ લખતા હતા. નગેન્દ્ર વિજયને વિવિધ વિષયોમાં રસ છે અને તે વિષયમાં ઊંડાણ સુધી જવાની તેમની વૃતિ છે. ઈ.સ. ૧૯૮૦માંતેમણે ગુજરાતી ભાષાનું જ્ઞાનવિજ્ઞાનથી સમૃદ્ધ ' સફારી' સામયિક નવી પેઢીના વાચકો સમક્ષ મુક્યું. જ્ઞાન વિજ્ઞાનનો ખજાનો ધરાવતું આ સામયિક આજે ખુબ જ લોકપ્રિય છે. તે ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી ભાષામાં પ્રગટ થાય છે. આ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ માટે પણ બ્રેઈલ લીપીમાં પ્રગટ થાય છે જે તેની લોકપ્રિયતા બતાવે છે. તેમાં આવતા લેખોની પસંદગી અને રસપ્રદ માહિતી , ગ્રાફિક્સને કારણે તે અન્ય સામયિકોથી અલગ પડે છે.

## સર હમ્ફ્રી ડેવી



૧૯ મી સદીમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવનાર અને અભય દીવાની શોધ કરનાર સર હમ્ફ્રી ડેવીનો જન્મ તા. ૧૭/૧૨/૧૭૭૮ના રોજ ઈંગ્લેન્ડના પેન્ઝેનસ ખાતે થયો હતો. બચપણથી વિજ્ઞાનના પ્રયોગોમાં તેમણે ખૂબ જ રસ હતો. આ ઉપરાંત પુસ્તકો વાંચવાનો પણ ખૂબ જ શોખ હતો. શાળાનું શિક્ષણ પુરૂ કર્યા પછી પ્રાયોગિક વિજ્ઞાનમાં તેઓ વિશેષ તાલીમ મેળવી હતી. નાની વયે પિતાનું અવસાન થતાં નોકરી છોડવી પડી. તેઓ ગેસના ઔધોગિક ગુણોની તપાસ માટે ઉભા કરાયેલા ન્યૂમેટ્રિક ઇન્સ્ટીટયુટમાં કામ કરવા બ્રિસ્ટલ ગયા. નાઈટ્રસ ઓક્સાઈડ ( લાઈફ ગેસ)ના ગુણધર્મોનું સંશોધન કરનાર પ્રથમ હતા. ડાબ્યૂરેટેડ હાઈડ્રોજનનું સંશોધન કરતી વેળાએ ગેસનો પ્રયોગ તેણે જાત પર કર્યો હતો. જેને પરિણામે બેહોશ થઇ જતાં મહામુસીબતે ભાનમાં લાવી શકાયા. ઈ.સ.૧૮૭૧માંલંડનના રોયલ ઇન્સ્ટીટયુટમાં તે રસાયણશાસ્ત્રના મદદનીશ લેકચરરખંડમાં પ્રતિભાશાળી વિજ્ઞાની તરીકે જાણીતા થયા. તેમણે સોડીયમ અને મેગ્નેશિયમ જેવી ધાતુઓના અસિતત્વની સર્વપ્રથમ ધાતુવિજ્ઞાનની શોધ કરી હતી. ઈ.સ.૧૮૧૨માં ' નાઈટ' (સર)નો ઈલ્કાબ એનાયત થયો હતો. મીશાયેલ ફરાડેની મદદથી વિદ્યુત ચૂંબકીય અને સમુદ્ર જળની હાજરીમાં થતા ' ગેલ્વેનીક એકસન'ના કોયડામાં મુખ્ય સંશોધનો કર્યા. તેમણે ઈ.સ. ૧૮૧૫માં અભયદીવાની શોધ કરી હતી. અભયદીવો સ્ફોટક વાયુઓથી ભરેલી કોલસાની ખાણોમાં 'ડેવીઝ લેમ્પ'આજ સુધીમાં અનેક ખાણીયાઓની જીંદગી બચાવી છે. સર હમ્ફ્રી ડેવી ૨૯મી મે ૧૮૨૯ના રોજ તેમનું અવસાન થયું.


## કસ્તુરભાઈ લાલભાઈ શેઠ



ગુજરાતના પ્રથમ હરોળના ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ શેઠનો જન્મ ૧૯/૧૨/૧૮૮૪ના રોજ અમદાવાદમાં વીસા ઓશવાલ પરિવારમાં થયો હતો.માતાપિતાની તકેદારીથી પ્રાથમિક શિક્ષણમાં હંમેશા પ્રથમ નંબરે આવતા હતા. માતા મોહિનીબાની નીતિમતા,સદાચાર,પ્રમાણિકતા અને સચ્ચાઈ તેમના જીવન પર સારી અસર થઇ હતી. સાક્ષર વયે શ્રી કેશવ હર્ષદ ધ્રુવની વિદ્વતા અને વ્યક્તિત્વની છાપ પણ તેમના જીવન પર લાંબા સમય સુધી રહી હતી. કોલેજનો અભ્યાસ અધૂરો છોડી રાયપુર મિલનો કાર્યભાર સાંભળ્યો હતો.અને આ જવાબદારી તેમણે એવી કુશળતા અને કરકસરતાથી સાંભળી હતી. રાયપુર મિલને ભારતના નકશા પર મૂકી દીધી.અને બાહોશ ઉદ્યોગપતિ તરીકે નામના મેળવી એટલું જ નહિ પરંતુ મજુર – મિલમાલિક સંઘર્ષો સમયે તેમણે ' મહાજનોના મહાજન' જેવું ઉપનામ મેળવ્યું હતું. તેમણે આઠ જેટલી ' લાલભાઈ ગૃપ'ની મિલોના સંચાલક બની ગયા. ગુજરાતના એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ, શિલ્પસ્થાપત્ય જેવી કલાઓ પરત્વે વિશિષ્ઠ સુઝ અને સુરૂચી ધરાવનાર એક તેજસ્વી જ્યોતીધર ૨૦મી જાન્યુઆરી ૧૯૮૦ના દિવસે અવસાન થયું. ઉદ્યોગક્ષેત્રે માલિક કામદાર વચ્ચેના સંબંધો ભારતીય સંસ્કૃતિને છાજે એવી માનવીય ધોરણે સ્થાપવાના હિમાયતી હતા.

આજે પણ લાલભાઈ જૂથ વટવૃક્ષની જેમ અડીખમ ઉભું છે. રૂ.૨૦૦૦ કરોડનું ટન ઓવર ધરાવતા આ જૂથના ૬૬ જેટલા દેશો સાથેના વ્યવહાર છે. અરવિંદ મિલ વિશ્વની ત્રીજા નંબરની ડેનીમ ઉત્પાદક કંપની છે.

## સુનીલ કોઠારી



ભારતના આંતરરાષ્ટ્રીય નૃત્ય શૈલીના ઊંડા અભ્યાસી સુનીલ કોઠારીનો જન્મ તા. ૨૦/૧૨/૧૯૩૩'ના રોજ મુબઈમાં થયો હતો. તેમણે ઈ.સ. ૧૯૫૬માં મુંબઈ યુનિવર્સીટીમાંથી બી.કોમ અને ઈ.સ. ૧૯૬૩માં સાહિત્ય અને સંસ્કૃત વિષય સાથે એમ.એ. કર્યું. ત્યારપછી ઈ.સ. ૧૯૬૪માં સી.એ.થયા. શરૂઆતથી જ કળા પ્રત્યે ઊંડી અભિરૂચી હતી.તેમાં નૃત્યકલામાં વિશેષ રસ હતો. તેમણે ' ધ ડાન્સ ડ્રામા ટ્રેડીશાન એન્ડ ધ રસ થિયરી' વિષે મહાનિબંધ લખ્યો. ઈ.સ.૧૯૭૭માં એમ.એસ. યુનિવર્સીટીમાંથી પી.એચ.ડી.ની ઉપાધી મેળવી. ભારતીય નૃત્યકલાના ક્ષેત્રે તેમણે કિંમતી અને બહુવિધ કામગીરી કરી હતી. સમગ્ર દેશમાં ફરીને શાસ્ત્રીય નૃત્યશૈલીનો વિવિધ કેન્દ્રોની મુલાકાત લીધી. આ યાત્રા દરમ્યાન તેમણે અગણિત તસ્વીરો, સ્લાઈડ , કેસેટ અને સીડી એકત્રિત કરી. તેમણે પરિસંવાદ યોજીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નૃત્યવિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો. છેલ્લા ત્રીસ વર્ષથી નૃત્ય સંશોધન કામગીરી કરી હતી. નૃત્યક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરવા બદલ ઈ.સ. ૧૯૫૯માં તેમને' કુમાર ચંદ્રક એનાયત કરવામાં આવેલ છે. ફિલ્મ,ટેલિવિઝન તથા રેડિયો જેવા માધ્યમો દ્વારા નૃત્યકલાને લોકભોગ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો. મુંબઈ દૂરદર્શન નિયમિત કાર્યક્રમો આપવા ઉપરાંત તેમણે ભારતના સમર્થ નૃત્યગુરૂ- નૃત્યાંગના રૂકમણીદેવી તથા ભારતની નૃત્ય વિદ્યાપીઠ સમા ' કલાક્ષેત્ર' અંગે દસ્તાવેજી

gnanbhandar.com

ફિલ્મ તૈયાર કરી છે વૈજ્યંતીમાલા વિષે પણ એવી જ ફિલ્મ તૈયાર કરી છે. તેમના અભ્યાસના નીચોડરૂપ તેમણે ' છાઉડાન્સીસ ઓફ ઇન્ડીયા', ' ભરતનાટ્યમ', ' એપરીસીયેશન ઓફ રસ થિયરી', ' ઓડીસી', કૂચીપુડી',જેવા અનેક પુસ્તકો આપ્યા છે.

## શ્રી નિવાસ રામાનુજમ આયંગર



મહાન ભારતીય ગણિતશાસ્ત્રી શ્રી નિવાસ રામાનુજમ આયંગરનો જન્મ તા.૨૨મી ડીસેમ્બર ૧૮૮૭ના દક્ષિણ ભારતના થંજાવર જિલ્લના કુભકોમ ની પાસે આવેલા ઇરોડ નામના ગામમાં થયો હતો. પિતાનું નામ શ્રી નિવાસ આયંગર હતું. તેઓ ચુસ્ત ગરીબ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તા[એમના પિતા કપડાની દૂકાન ચલાવતા હતા. માતાનું નામ કોમલતા અમ્મલ એક ધાર્મિક સ્વભાવના મહિલા હતા. રામાનુજમ હાઈસ્કુલમાં દાખલ થાય તે પહેલા જ અંકો,સમીકરણો અને ભૂમિતિ પર તેમની માસ્ટરી હતી. એમના કરતાં મોટા અને આગળના ધોરણોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ ગણિતના દાખલા શીખવા એમની પાસે આવતા હતા. માત્ર ૧૩ વર્ષની નાની વયે રામાનુજમ એક કોલેજની લાયબ્રેરીમાંથી ત્રિકોણમિતિ પુસ્તક લઇ વાંચન કરી શોધ કાર્ય કર્યું. ૧૬ વર્ષની વયે તેઓ ઈ.સ. ૧૯૦૩માં મેટ્રીકનીની પરીક્ષા ગણિતના પ્રથમ વર્ગમાં પાસ કરી. એસ.રામાનુજ ગણિત વિષય પરત્વે વધુ રૂચીને કારણે બીજા વિષયોમાં નબળા પડ્યા. કોલેજની પરીક્ષામાં નાપાસ થતાં તેઓએ સ્કોલરશીપ ગુમાવી. તેઓ આખો દિવસ સંખ્યાઓ જ લખતા બીજું કંઈ કરતા નહિ. જેમને પિતાએ ગુસ્સામાં હાંસી ઉડાવી કે કોઈપણ રીતે પોતાની જીવવા કમાવી ન આપે તેવી નકામી ગણતરીઓ અને સિદ્ધાંતો કાગળ પર ઘસડી ઘસડી પોતાનો સમય બરબાદ કરી રહ્યો છે.


પિતાજીએ વિચાર્યું કે રામાનુજમગાંડા થઇ ગયા છે. એટલે એમનું ગાંડપણ હઠાવવા માટે ઈ.સ. ૧૯૦૯માં ૨૨ વર્ષની વયે તેમના લગ્ન જાનકીદેવી સાથે કરવામાં આવ્યા. પોતે ગરીબ પરિવારના હોવાથી રામાનુજને નોકરી કરવી જરૂરી બની. જો કે સદનસીબે મદ્રાસ પોર્ટ ટ્રસ્ટના નિયામક ફ્રાન્સિસ સ્પ્રિંગને ઈ.સ.૧૯૧૨માં પચ્ચીસ રૂપિયાના પગારે કારકૂન તરીકે નોકરી રાખી લીધા. તેમણે પોતાના ૧૨૦ પ્રમેયો કેબ્રીજ યુનિવર્સિટીના પ્રો. હાર્ડીને મોકલ્યા જેનાથી હાર્ડી તેનાથી ખૂબ જ પ્રભાવિત કર્યા. સ્વામીનાથ એકાદ સદીથી જેનો ઉકેલ મળતાં ન હતો. તેવો વેરંગનો પ્રોબ્લેમ તેમણે ઉકેલ્યો. તેમણે લગભગ ૩૦૦૦ પ્રમેયોનું વિવરણ અંકિત કર્યા જે પુસ્તક સ્વરૂપે પ્રગટ કર્યા. રામાનુજને પાઈનું આસન્ન મૂલ્ય માટે ઘણા સૂત્રોની શોધ કરી. ઈ.સ. ૧૯૧૮માં તેમણે ફેલો ઓફ રોયલ સોસાયટી તરીકે ચૂંટી બહુમાન કરવામાં આવ્યું. આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. ઈ.સ.૧૯૧૭માં રામાનુજને એક સૂત્ર આપ્યું જેનાથી કોઈપણ સંખ્યાનું વિભાજન કરી શકાય છે. તેમની પધ્ધતિ વિશ્લેષક પધ્ધતિના નામે ઓળખાય છે. રામાનુજ ભારતીય સભ્યતા અને સંસ્કારના પૂજારી હતા. ઇંગ્લેન્ડ જતા પિતાને વચન આપ્યું કે " હું ઈંગ્લેન્ડમાં પણ હિન્દુસ્તાની રહીશ અને એવી કોઈ વાત નહિ કરું જેનાથી ભારતીયોને હાની થાય." ૨૬મી એપ્રિલ ૧૯૨૦ના દિવસે તેમનું અવસાન થયું.

## ચીમનલાલ નારણદાસ પટેલ

ગુજરાતી વિવેચક ચીમનલાલ નારણદાસ પટેલનો જન્મ તા. ૨૩/૧૨/૧૯૧૮ના વતનઅમદાવાદમાં થયો. ઈ.સ. ૧૯૪૦માં બી.એ. અને ઈ.સ.૧૯૪૪માં અંગ્રેજી વિષયમાં એમ.એ. થયા. કોલેજના અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે અને કૉલેજ-આચાર્ય તરીકે સવા આપી. તેમણે વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે નોકરી કરી. ત્યારપછી તેવીસ વર્ષ ભારત સરકાર દ્વારા પ્રકાશિત ‘કલેકટેડ વર્કસ ઑવ મહાત્માં ગાંધી’ માં અનુવાદક, ઉપ-મુખ્ય સંપાદક અને માનાર્હ સલાહકાર હતા. . ગુજરાતી સાહિત્ય પરિષદના બત્રીસમાં અધિવેશનમાં વિવેચન વિભાગના પ્રમુખ તરીકે પસંદગી થઇ. પ્રથમ પુસ્તક ‘અભિક્રમ’ માં સાહિત્યમીમાંસા, સાહિત્યિક પ્રશ્નો કે સંસ્કૃત, અંગ્રેજીઅને ગુજરાતી કૃતિઓને આ દ્રષ્ટિથી તપાસવાનો ઉપક્રમ છે. ‘ટ્રેજિડી-સાહિત્યમાં અનેજીવનમાં’ પાશ્ચાત્ય સાહિત્ય, ‘રામાયણ’ ‘મહાભારત’, ‘સરસ્વતીચંદ્ર’ તથાગાંધીજીવનને એમાંથી વ્યક્ત થતાં ટ્રેજિક દર્શનના સંદર્ભમાં તપાસ્યા છે.‘કથાબોધ’ માં ગુજરાતી, બંગાળી અને વિદેશી કૃતિઓને એમાં વ્યક્ત થતી ભાવનાઓના સંદર્ભમાંતપાસી છે.‘મહાત્મા ગાંધી ઈન હિઝ ગુજરાતી રાઈટિંગ્ઝ’ માં પણગાંધીજીના લેખનકાર્યને તેમના જીવનવિકાસના સંદર્ભમાં તપાસ્યું છે.‘વિચારતરંગ’ માં સમાજ અને સંસ્કૃતિ, સાહિત્ય, ગાંધીજી વિશેના લેખો ઉપરાંત ગુજરાતી સાહિત્યપરિષદના વિવેચન વિભાગનો અધ્યક્ષીય વ્યાખ્યાનલેખ સમાવિષ્ટ છે.‘વાલ્મીકીયરામકથા’ એ ‘વાલ્મીકિ રામાયણ’ નો ગુજરાતીમાં એમણે આપેલો સંક્ષેપ છે.

## નારાયણ મહાદેવભાઈદેસાઈ

ગુજરાતી ચરિત્રકાર, અનુવાદક અને ‘ વેડછીનો વડલો’ ચ



૨૪/૧૨/૧૯૨૪ ના વલસાડમાં થયો હતો. તેઓ જાણીતા સર્વોદય કાર્યકર હતા. તેઓ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય અને વેડછીના સંચાલક હતા.‘પાવનપ્રસંગો’ (૧૯૫૨) અને ‘જયપ્રકાશ નારાયણ’ (૧૯૮૦) એમની ચરિત્રાત્મક પુસ્તિકાઓ છે.‘ગાંધી ક્યાંક હશે ભારતમાં’ ગીત-સંવાદોમાં લખાયેલી કટાક્ષિકા છે.‘સામ્યયોગીવિનોબા’ (૧૯૫૩), ‘ભૂદાન આરોહણ’ (૧૯૫૬), ‘મા ધરતીને ખોળે’ (૧૯૫૬), ‘શાંતિસેના’ (૧૯૬૬), ‘સંત સેવતાં સુકૃત વાધે’ (૧૯૬૭), ‘સર્વોદય શું છે ?’ (૧૯૬૮), ‘ગાંધીવિચારોજૂનવાણી થઈ ગયા છે ?’(૧૯૬૯), ‘અહિંસક પ્રતિકારની કહાણી’ (૧૯૭૫) વગેરે ગાંધીજીનાઆચારવિચારમાં રહેલી જીવનદ્રષ્ટિનું મૂલ્યાંકન કરતાં અને ભૂદાન પ્રવૃત્તિ વિશેનાંપુસ્તકો છે.‘સોનાર બાંગ્લા’ (૧૯૭૨) અને ‘લેનિન અને ભારત’ (૧૯૭૬) ઇતિહાસ અનેરાજકારણને લગતાં પુસ્તકો છે.‘વેડછીનો વડલો’ (૧૯૮૪)નું એમણે સંપાદન કર્યું છે.‘માટીનો માનવી’ (૧૯૬૪) અને ‘રવિછબી’ (૧૯૭૯) એમના અનુવાદો છે.

## સર આઇઝેક ન્યૂટન




ગુરૂત્વાકર્ષણ અને ગતિના નિયમની શોધ કરનાર સર આઇઝેક ન્યૂટનનો જન્મનો ૨૫મી ડીસેમ્બર ૧૬૪૨ના રોજ ઈંગ્લેન્ડના લિંકનશાયરના

વુંલ્સ્થોર્પ ખાતે થયો હતો. તેમના જન્મદિન આગળના દિવસે પિતાનું અવસાન થયું. તેઓ એક સમૃદ્ધ ખેડૂત હતા અને તેમનું નામ પણ આઇઝેક ન્યૂટન જ હતું. અપરિપક્વ અવસ્થામાં (અધૂરા માસે) જન્મેલા તેઓ એક નાના બાળક હતા. તેમની માતા હન્ના એસ્કફએ કહ્યું હતું કે તેઓ પા ગેલન (1.1 લિટર)ના નાના કપમાં સમાઈ શકે તેટલા હતા. ન્યૂટનની ઉંમર ત્રણ વર્ષ હતી ત્યારે તેમની માતાએ બીજી વખત લગ્ન કરી લીધા અને પોતાના નવા પતિ રેવરંડ બર્નાબુસ સ્મિથ સાથે રહેવા ચાલ્યા ગયા તથા પોતાના પુત્રને તેની નાની મર્ગેરી એસ્કફની દેખભાળમાં છોડી દીધો. બાળક આઇઝેક પોતાના સાવકા પિતાને પસંદ કરતો નહોતો અને તેમની સાથે લગ્ન કરવા માટે પોતાની માતાને ધિક્કારતો હતો. જેમ કે 19 વર્ષ સુધી કરેલા તેમણે કરેલા અપરાધોની યાદીમાંથી જાણવા મળે છેઃ "મેં માતા અને પિતા સ્મિથના ઘરને સળગાવવાની ધમકી આપી હતી. ઈ.સ.૧૬૬૫માં કેબ્રીજ યુનિવર્સીટીમાં ગ્રીક ફિલસૂફોનો અભ્યાસ કરી બીએ થયા. આ જ વર્ષે ગણિતના બૈનોમીયલ થીયરમ શોધી કાઢ્યું.જેને આજે ઇન્ટરીયલ કેલ્ક્યુલસ કહેવાય છે. માત્ર ૨૩ વર્ષની નાની વયે કેબ્રીજ યુનિવર્સીટીના પ્રાધ્યાપક બન્યા. તેમણે ઈ.સ. ૧૬૬૬માં ગુરૂત્વાકર્ષણના નિયમની શોધ કરી. તેને બળે સૂર્યની આસપાસ તારા અને ગ્રહોની ગતિની ધારણા કરવી સંભવ બની હતી. આ ઉપરાંત ઈ.સ. ૧૬૬૮માં દૂરબીન ( પરાવર્તક)ની શોધ કરી હતી.

સર આઇઝેક ન્યૂટને લીબનીત્ઝની સાથે સંશોધન કરીને સંકલિત ગણકયંત્ર બનાવ્યું હતું. ગેસમાં અવાજની ગતિ શોધી કાઢવા તેમણે એક ફોર્મુયલા શોધી કાઢી હતી. લાપ્લેસે આગળ જતા ફોર્મ્યુલા સુધારી હતી. તેમણે સિદ્ધાંતિક ખગોળવિદ્યા પર ભારે અસર જન્માવી હતી.તેને વેરણછેરણ હકીકતો અને નિયમો ધરાવતું વિજ્ઞાન વારસામાં મળ્યું હતું,

## તારક મહેતા



‘ સબ’ ટીવીની લોકપ્રિય સીરીયલ “તારક મહેતાના ઊલટા ચશ્માં”ના કથાવસ્તુ લખનાર મહાન હાસ્યલેખક અને નાટ્યલેખક તારક જનુભાઈ મહેતાનો જન્મતા. ૨૬/૧૨/૧૯૨૯ના રોજ અમદાવાદમાં થયો હતો.ઈ.સ.૧૯૫૬માં ખાલસા કૉલેજ, મુંબઈથી ગુજરાતી વિષય સાથેબી.એ થયા. ઈ.સ. ૧૯૫૮ માં ભવન્સ કૉલેજ, મુંબઈથી એ જ વિષયમાં એમ.એ. થયા. ઈ.સ.૧૯૫૮-૫૯ માં ગુજરાતી નાટ્યમંડળના કાર્યાલયમાં કાર્યકારી મંત્રી રહ્યા. ઈ.સ.૧૯૫૯-૬૦માં ‘પ્રજાતંત્ર’ દૈનિકના ઉપતંત્રીની કામગીરી કરી. ઈ.સ.૧૯૬૦ થી ૧૯૮૬ સુધી ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફિલ્મ્સ-ડિવિઝન, મુંબઈમાં વૃત્તાન્ત લેખક અને ગૅઝેટેડ અધિકારી તરીકે સેવા આપી. એમણે ત્રિઅંકી નાટક ‘નવું આકાશ નવી ધરતી’, પ્રહસન ‘કોથળામાંથી બિલાડું’, ત્રિઅંકી નાટક ‘દુનિયાને ઊંધા ચશ્મા’ ઉપરાંત ‘તારક મહેતાના આઠ એકાંકીઓ’ અને ‘તારક મહેતાનાં છ એકાંકીઓ’ આપ્યાં છે. ‘તારક મહેતાનાઊંધા ચશ્મા’,‘શ્રેષ્ઠ હાસ્યરચનાઓ’, ‘તારક મહેતાનો ટપુડો’, ‘તારક મહેતાના ટપુડાનો તરખાટ’, ‘દોઢડાહ્યા તારક મહેતાની ડાયરી’- ભા.૧-૨વગેરે એમના હાસ્યલેખસંગ્રહો છે. ‘તારક મહેતાની ટોળી પરદેશના

પ્રવાસે’ માં પ્રવાસવિષયક હાસ્યલેખો છે.એમણે ‘મેઘજી પેથરાજ શાહ : જીવન અનેસિદ્ધિ’ નામક જીવનચરિત્ર પણ લખ્યું છે.


## લૂઈ પાશ્ચર



વિશ્વના મહાન ફ્રેંચ જીવાણું વિજ્ઞાની લૂઈ પાશ્ચરનો જન્મ તા.૨૭/૧૨/૧૮૨૨ના રોજ ફ્રાન્સના પૂર્વ ભાગમાં આવેલા કોલનગરમાં ચમાર પરિવારમાં થયો હતો. તેમના પિતા જીન સેફ ચામડાનો વ્યવસાય કરતા હતા. તેમની કર્તવ્યનિષ્ઠા અને માનવતાવાદી ઉમદા સંસ્કાર લૂઈને વારસામાં મળ્યા હતા. લૂઈને બાળપણથી જ ચિત્રકામનો શોખ હતો. માત્ર ૧૩ વર્ષની નાની વયે પ્રકૃતિના ચિત્રો દોરતા હતા. પદાર્થવિજ્ઞાન અને રસાયણમાં તેમને ઊંડો રસ હતો. યુનિવર્સીટીના પ્રોફેસર બેલાર્નો સ્નેહ અને માર્ગદર્શન મળતાં લૂઈને સ્વપ્રયત્ને હાડકામાંથી ફોસ્ફરસ બનાવ્યો હતો. સ્નાતક થયા પછી તેમણે વિજ્ઞાનના વિષયમાં સંશોધન કાર્ય શરૂ કર્યું. સ્ફ્તીકોના પ્રકાશ સપાટીમાં રહેલા જીવંત તત્વ ‘ માઈક્રો ઓર્ગેનીઝ્મ ‘ની શોધ કરી હતી. તેમણે ઈ.સ. ૧૮૬૭માં દૂધ અને દારૂ લાંબો સમય બગડે નહી તેવી સાચવાની રીત પણ શોધી અને આ ક્રિયાને ‘પાશ્ચરાઈઝેશન’ કહે છે. આ તેમના વિજ્ઞાન જીવનનું પ્રતિક છે.

લૂઈ પાશ્ચર ઈ.સ. ૧૮૮૫માં માનવજાત માટે એક અમૂલ્ય શોધ જે હડકવાની રસી છે. આ રસીના ઇન્જેક્સનથી કુતરા કરડે તો હડકવા થતો નથી. પોતાની જિંદગી હોડમાં મૂકી બીજાની જિંદગી બચાવનાર મહાન વિજ્ઞાની માનવજાત માટે દેવદૂત હતા. આ ઉપરાંત રેશમના કીડાઓમાં થતા રોગના કારણેફ્રાન્સમાં રેશમઉદ્યોગ મુશ્કેલીમાં મૂક્યો હતો પણ લૂઈ પાશ્ચર પોતાના સંશોધન દ્વારા નાશ પામતા રેશમના કીડાઓને બચાવ્યા. તેમણે અથાગ પ્રયત્નો તથા સંખ્યા બંધ અભ્યાસ અને સંશોધન કર્યા પછી જેમાં હડકવા રસી ઉપરાંત બીજા ચેપી રોગો સંશોધન થાય છે. વિજ્ઞાનની શોધ માનવકલ્યાણ માટે થાય તેવું ઇચ્છનાર લૂઈ પાશ્ચર ૨૭ મી સપ્ટેમ્બર ૧૮૯૫ના રોજ પક્ષાઘાત પીડાથી અવસાન થયું. તેમના અવસાન પછી ફાંન્સમાં મહાન વ્યક્તિ અંગે લોકમત લેવાયો અને તેમાં તેઓ જંગી બહુમતી મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

## ધીરૂભાઈ અંબાણી




દેશમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરનાર ધીરૂભાઈ (ધીરજભાઈ) અંબાણીનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૩૨ના રોજ ગુજરાત રાજ્યના જુનાગઢના ચોરવાડમાં મોઢ વણિક પરિવારમાં થયો હતો. પિતાનું નામ હીરાચંદ ગોરધન અંબાણી અને માતાનું નામ જમાનાબેન હતું. ૧૬ વર્ષની વયે યેમનમાં આવેલા એડન ખાતે ગયા ત્યારબાદ ૩૦૦ રૂપિયાના પગારથી એ.બીસ. એન્ડ કું.માં કામ કર્યું . એડનના બંદર ખાતેના ફિલિંગ સ્ટેશનના સંચાલનની જવાબદારી આપવામાં આવી. ૧૯૬૨માં ધીરૂભાઈ ભારત પાછા આવ્યા અને મુંબઈમાં પોતાના પિતરાઇ સાથે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. ૧૯૭૭માં ધીરૂભાઈ અંબાણી તેમની કંપની રિલાયન્સ જાહેરમાં લઈ ગયા અને ૨૦૦૭ સુધીમાં તેમના પરિવારની સંપત્તિ ૬૦ અબજ ડોલર હતી જેને પગલે અંબાણીઓ વિશ્વના સૌથી વધુ ધનવાન પરિવારમાં સ્થાન પામ્યા. તેમના પરિવારમાં બે પુત્રો અનિલ અંબાણી અને મુકેશ અંબાણી હતા. ધીરૂભાઈ

gnanbhandar.com

અંબાનીનું ૬ જુલાઇ ૨૦૦૨ના રોજ બ્રીચ કેન્ડી હોસ્પીટલમાં અવસાન થયું.

## કનૈયાલાલ માણેકલાલ મુનશી



ગુજરાતી નવલકથાકાર, નાટ્યકાર, વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ તા.૩૦/૧૨/૧૮૮૭ના રોજ ભરૂચમાં થયો હતો. ‘ઘનશ્યામ વ્યાસ’ તેમના ઉપનામો હતા.તેમણે ઈ.સ.૧૯૦૧માંમૅટ્રિકની પરીક્ષા પાસ કરી.ઈ.સ. ૧૯૦૨માં વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવી ઓગણીસમે વર્ષે એલિસ પ્રાઈઝ સાથે બી.એ પાસ થયા.ઈ.સ.૧૯૧૦માં એલએલ.બી કરી ઈ.સ.૧૯૧૩માં મુંબઈમાં વકીલાતની શરૂઆત કરી. ઈ.સ.૧૯૨૨માં ‘ગુજરાત’ માસિકનોપ્રારંભ કર્યો. ઈ.સ.૧૯૩૭માં મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન બન્યા.ઈ.સ.૧૯૪૮માં રાષ્ટ્રની બંધારણસભાના સભ્ય તરીકે ચૂંટાયા.ત્યારપછી તેઓ કેન્દ્રીય પ્રધાનમંડળમાં ખેતીવાડી ખાતાના પ્રધાન બન્યા. ઈ.સ.૧૯૫૨ની ચૂંટણી પછીઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે નિયુક્તિ થઇ. ઈ.સ.૧૯૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી. તેમને ‘વેરની વસુલાત’ ,‘કોનો વાંક ?’ , ‘સ્વપ્નદ્રષ્ટા’, ‘સ્નેહસંભ્રમ’ અને ‘તપસ્વિની’ -ભા. ૧-૨, ભા.૩ સામાજિક નવલકથા અને ગુજરાતનો નાથ,‘રાજાધિરાજ’,‘પાટણની પ્રભુતા’ અને ‘જયસોમનાથ’ ,‘પૃથિવીવલ્લભ’ અને ‘ભગ્નપાદુકા’ એમની ઐતિહાસિક નવલકથાઓ પર ફ્રેન્ચ નવલકથાકાર ઍલેકઝાન્ડરડ્યૂમાનો પ્રભાવ સ્પષ્ટ છે. ‘પૃથિવીવલ્લભ’ એમની પાત્રપ્રધાન ઐતિહાસિક લઘુનવલ છે.‘લોકમહર્ષિણી’ ઋગ્વેદકાળની કથાછે.‘કૃષ્ણાવતાર’-ખંડ૧ થી ૮માં કૃષ્ણના જીવન અને પરાક્રમોની કથા નિરૂપાયેલી છે.‘વાવાશેઠનું સ્વાતંત્ર્ય’ ‘ફારસ’ની નજીકજતું લેખકની મજાકશક્તિનું દ્રષ્ટાંત છે.‘બે ખરાબ જણ’ માં હાસ્યોત્પાદકપરિસ્થિતિઓ છે.‘‘કાકાની શશી’ પ્રહસન હોવા છતાંતેમાં ફાર્સિકલ તત્વનો અભાવ છે. ઈબ્સનશૈલીનું આ નાટક મુનશીની નાટકકાર તરીકેની અનેકલાક્ષણિકતાઓને પ્રગટ કરતું, રંગભૂમિ પર સફળ નીવડેલું ઉલ્લેખનીય નાટક છે.‘બ્રહ્મચર્યાશ્રમ’ માં લેખકે ગાંધીજીના છીછરા શિષ્યોના બ્રહ્મચર્યના આડંબરીઆદર્શની ઠેકડી ઉડાવી છે.‘પીડાગ્રસ્ત પ્રોફેસર’ એમની જ નવલકથા ‘સ્નેહસંભ્રમ’નું નાટ્યરૂપાંતર છે.‘ડૉ. મધુરિકા’ આધુનિક નારીની મુક્તવિચારસરણીના સંદર્ભમાં આપણા સમાજજીવનમાં ઉદભવતી સમસ્યાને હળવાશથી વ્યક્ત કરતુંસરેરાશ કક્ષાનું નાટક છે. ‘છીએ તે જ ઠીક’ અને ‘વાહ રે મેં વાહ !’ પ્રહસનો છે. ‘ધ્રુવસ્વામિની દેવી’ એમનું એકમાત્ર ઐતિહાસિક નાટક છે.એમના ‘પૌરાણિક નાટકો’માં ‘પુરંદર પરાજય’, ‘અવિભક્ત આત્મા’, ‘તર્પણ’ અને ‘પુત્રસમોવડી’ સંગૃહીત છે. મુનશી પાસેથી એક જ વાર્તાસંગ્રહ ‘મારીકમલા’ અને ‘બીજી વાતો’ (૧૯૨૧, પછીથી ‘નવલિકાઓ’) મળ્યો છે. ‘અડધે રસ્તે’ માં એમણેપોતાનાં બાલ્યકાળ અને કૉલેજજીવનનાં સંસ્મરણો આલેખ્યાં છે; ‘સીધા ચઢાણ’)માં ૧૯૦૭ થી ૧૯૨૨ના સમયખંડને, તો ‘સ્વપ્નસિદ્ધિની શોધમાં’,‘મારી બિનજવાબદાર કહાણી’,‘નરસૈંયો-ભક્ત હરિનો’,‘નર્મદ-અર્વાચીનોમાં આદ્ય’,‘કેટલાક લેખો’,‘નરસિંહયુગના કવિઓ’ ,‘કેટલાક લેખો’ -ભા. ૧-૨, ‘થોડાંકરસદર્શનો’ તથા ‘ગુજરાતની અસ્મિતા’ તેમની કૃતિઓ છે. કનૈયાલાલ મુનશીનું અવસાન આઠમી ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ અવસાન થયું.